અડુકિયો મોજમાં નાચી ઊઠ્યો.

દડુકિયો આનંદમાં ડૂબી ગયો.
હાથમાં હાથ પકડીને ભાગ્યા.

બાએ બૂમ પાડી : 'અલ્યા ઓ...! અત્યારમાં ભાગ્યા ક્યાં?'

પણ ઊભા રહે તે બીજા.

દોડતાં-દોડતાં દડુકિયે કહ્યું : 'એ, બા... આવજો!'

બાએ બૂમ પાડીને કહ્યું : 'પણ જાઓ છો ક્યાં?'



બેઠકમાં બાપુજી હતા. તેમણે કહ્યું : 'લો ભૂલી ગયાં કે?'

બા બોલી : 'શું?'



બાપુ કહે : 'રાતે ભાથાનો ડબ્બો શાનો ભરી દીધેલો?'

બા બોલી : 'મામાને ગામ જવાના છે, એટલે ભાથું તો કરી આપવું પડે ને?'

બાપુ હસી પડ્યા.

બા બોલી : 'કાં?'

બાપુ કહે : 'હજીય સમજ્યાં નહીં? એ મામાને ગામ જવા ઊપડ્યા.'

બા બોલી : 'કેવાં છે છોકરાં! કહેતાંય નથી કે જઈએ છીએ.'

બાપુ કહે : 'હરખમાં બધું ભૂલી જવાય.'

અડુકિયો અને દડુકિયો જાય ભાગ્યા.

દડુકિયો બોલ્યો : 'ભાઈ, ખરેખરી મઝા થશે.'

અડુકિયો બોલ્યો : 'મઝા તો એવી કે બસ ભાઈ, બસ.'

અડુકિયો અને દડુકિયો હસે છે. જાણે કે ગીત ગાતા જતા હશે. એવા આનંદમાં છે કે કોણ જાય છે અને કોણ આવે છે તેનુંય ભાન રહ્યું નથી.



જગો જોઈ ગયો. એ છે ભાઈબંધ.

જગે બૂમ પાડી : 'ઓ અડુકિયા... ઓ દડુકિયા... ક્યાં જાઓ છો ?'

દડુકિયે પાછું વળીને જોયું અને દોડતાં-દોડતાં જગાને કહ્યું : 'એ... એ... એ.. અમે જઈએ છીએ...'

જગો વિચારે છે : ક્યાં જતા હશે? પૂરપાટ ભાગ્યા જાય છે. લાવ હુંય ઊપડું.

જગો દોડ્યો. ખરેખર દોડ લગાવી. મૂઠીઓ વાળીને મારંમાર ઊપડ્યો. પણ અડુકિયા-દડુકિયાને પહોંચાય એમ નથી. એવા જોશમાં ભાગ્યા જાય છે.

પહોંચ્યા એક શેરીમાં.
ત્યાં એક ઘર.
ઘરને મોટી ડેલી.
ડેલીનાં બારણાં ઉઘાડાં છે.

દડુકિયો કહે : 'જોયું ભાઈ! મફાદાદા બારણાં ઉઘાડાં મૂકીને બેઠા છે.'

અડુકિયો કહે : 'ઉઘાડાં મૂકે જ ને! મેં કહી રાખેલું.'

દડુકિયો બોલ્યો : 'અને ભાઈ... જો, જો, જો, ટીનટીનને તો જો!'

અડુકિયો કહે : 'જો, જો, જો, આપણને જોયા કે પગ ઊંચાનીચા કર્યા.'

દડુકિયો બોલ્યો : 'અને એના કાન તો જો! કેવી અણીઓ ફેરવી? જાણે બે વાંકડી કટારીઓ સામસામે આવી ગઈ.'

મફાદાદા બોલ્યા : 'શું જોઈ રહ્યા છો?'

અડુકિયો બોલ્યો : 'જુઓ તો મફાદાદા! અમને જોઈને ટીનટીન કેવું કરે છે?'

મફાદાદા કહે : 'ટીનટીન તમને વહાલો છે અને ટીનટીનને તમે વહાલા છો'.

દડુકિયો બોલ્યો : 'અરે પણ મફાદાદા, તમે તૈયારી કરી જ નથી? અમારે વાર લગાડવી જ નથી.'

મફાદાદા કહે : 'બધું તૈયાર જ છે. ટીનટીન પણ તૈયાર છે. જોડી દઉં એટલી વાર.'

ટીનટીન એટલે બસ.
શું એનું રૂપ અને શી એની શોભા?
એકલાં રૂપ ખોટાં.
એકલી શોભા ખોટી.
રંગરૂપ જેવા ગુણ જોઈએ.

સાપ ગમે તેવો રૂપાળો હોય પણ એને કોઈ હેતથી હાથ અડકાડે નહીં. તેમ ગુણ વિનાના રૂપાળા માણસો કે જાનવર કોઈને ગમતાં નથી.

પણ આ ટીનટીનના ગુણ તો રૂપ કરતાંય વધારે હતા.

એક વાર એક પરદેશી સોદાગર આવ્યો. સાથે ટીનટીનને લાવ્યો. ગામના પાદરમાં ઊતર્યો. એકલો ટીનટીન નહોતો. સાથે સોને જડેલો અને રૂપે મઢેલો રથ હતો. રથ નાનકડો પણ એની કળા અપાર હતી. એવો રૂપાળો રથ કે જોતાં ન થાકીએ.

ગામમાં વાત ફેલાઈ.

રૂપાળો રથ અને સોહામણો ઘોડો લઈને કોઈ સોદાગર આવ્યો છે.

અડુકિયો-દડુકિયો તો ઘોડાના ભારે શોખીન હતા. આ વાત સાંભળી કે દોડાદોડ ઊપડ્યા. રથ અને ઘોડા જોવા પાદરમાં પહોંચી ગયા.

આહાહા! જોતાંની સાથે વાહવાહ બોલી જઈએ એવો રથ અને એવો ઘોડો!

દડુકિયો બોલ્યો : ‘ભાઈ! રથ તો જો! કેવો શોભિતો છે?’

અડુકિયો કહે : 'એથીય ચડી જાય એવો તો આ ઘોડો છે.'

દડુકિયો કહે : 'પણ કેવો ટિનકૂડો છે! કાળા મખમલ શો એનો રંગ છે ને!

અડુકિયો કહે : 'કપાળમાં સફેદ ટીલું અને પગના નળા પણ સફેદ! વાહ ભાઈ, વાહ!'

સોદાગરે અડુકિયા-દડુકિયાને જોયા. તેમની સામે જોઈને હસતા મોઢે સોદાગરે કહ્યું : 'ઓ ટિનકૂડા ભાઈ! શું જોઈ રહ્યા છો? તમારા જેવો જ ટિનકૂડો અમારો ઘોડો છે અને એવો જ દેવના દીકરા બેસે એવો નાનકડો રથ બનાવ્યો છે! તેથી અમે ઘોડાનું નામ ટીનટીન રાખ્યું છે.'

'ટીનટીન!' દડુકિયો બોલી ઊઠ્યો : 'સરસ, સરસ!'

સોદાગર બોલ્યો : 'ક્યારેય ઘોડા પર બેઠા છો?'

